**ક્રમાંક–૨૪**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**બીજું સત્ર**
**મંગળવાર, તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

મંગળવાર, તા.૨૮મી માર્ચ ૨૦૨૩ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૯ અને ૨૦ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

ગેરહાજર સભ્યશ્રીઓના તેમજ સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલા સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ ૪, ૮, ૧૦, ૧૨, ૧૩, ૧૭ અને ૧૮ને અતારાંકિત ગણાવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ– ૨૧થી ૧૦૫ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧–૦૦ કલાકે પૂરો થયો.

૨. **તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)**

**ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી મૃત્યુ અંગે**

સભ્યશ્રી ડો. દર્શિતા શાહે નિયમ–૧૧૬ અન્વયે ''રાજકોટ શહેરમાં ગટરની સફાઇ વખતે ગેસ ગળતરથી સફાઇ કામદાર અને કોન્ટ્રાક્ટરનું મૃત્યુ થતા સફાઇ કામદારોમાં રોષ અને ભયની લાગણી વ્યાપી છે, ત્યારે તેના પરિવારજનોને સહાય ચૂકવવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં." અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાનું ધ્યાન દોર્યું.

માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

૩. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

(૧) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૩) ગુજરાત સ્ટેટ એવિએશન ઇન્ફ્રાસ્ટ્રકચર કંપની લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી બલવંતસિંહ રાજપૂત**

(૪) ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૫) ગુજ–ટુર ડેવલપમેન્ટ કંપની લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા**

(૬) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**નર્મદા પ્રભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૭) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબ

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૮) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

**માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા**

(૯) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૧૦) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૧૧) ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયા**

(૧૨) ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમના સન ૨૦૨૨–૨૩ના સુધારેલા અંદાજો અને સન ૨૦૨૩–૨૪ના અંદાજો

**માનનીય રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૧૩) સન ૨૦૦૩ ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના

(૧) તા. ૦૮/૦૪/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૨/૦૫૭૩

(૨) તા. ૩૧/૦૫/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીઇઆરસી/લીગલ/૨૦૨૩/૦૨૫૭

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૧૪) સન ૨૦૧૭ના માનવ રોગ–પ્રતિરક્ષા ઉણપ વિષાણુ અને ઉપાર્જિત રોગ–પ્રતિરક્ષા ઉણપ રોગલક્ષણ (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ અન્વયેનું આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું તા.૩૦/૦૪/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંકઃ જીપી/૧૭/એઆઇડી/૧૦૨૦૧૯/૭૦૨/જી/જી.એસ.આર. તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન

**માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

(૧૫) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સન ૧૯૬૦ના ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૮૩/૨૦૨૨/૫૩/એ તથા સન ૧૯૭૯ ના ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં અધિનિયમ અન્વયેનું તા.૦૭/૧૦/૨૦૨૨નું જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૮૪/૨૦૨૨/૫૩/એ તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન

**માનનીય વૈધાનિક અને સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ**

## ૪. અનુમતિ મળેલ વિધેયકો

સચિવશ્રીએ, પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (બીજા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે, તેવું સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૪ સભાગૃહના મેજ ઉપર મૂક્યું.

## ૫. કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલની રજૂઆત

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બીજો અહેવાલ સભાગૃહ સમક્ષ વાંચીને રજૂ કર્યો.

## ૬. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, કામકાજ સલાહકાર સમિતિના બીજા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

૭. **સરકારી વિધેયક**

(૧) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ, વિનિયોગ વિધેયક ઉપર આપેલા મુદ્દા અને તેની ચર્ચા માટેની સમય મર્યાદા અંગે જાહેરાત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિનિયોગ વિધેયક ઉપર મુદ્દા આપનાર સભ્યશ્રીઓને ગૃહની સેવા બજાવવામાંથી તા. ૨૭–૩–૨૦૨૩ના રોજ સસ્પેન્ડ કર્યા હોઇ વિધેયક ઉપર ચર્ચા થઇ શકી નહીં.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ–૨ અને ૩, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

(૨) માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇએ સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૨૩નું ગુજરાત વિનિયોગ (વધારાના ખર્ચ ) વિધેયક દાખલ કર્યા બાદ પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો.

ત્યારબાદ વિધેયકના પહેલા અને બીજા વાચન માટેના પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**કલમવાર વાચન**

કલમ– ૨ થી ૫, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

કલમ– ૨ થી ૫, અનુસૂચિ, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.

ત્યારબાદ વિધેયકના પ્રભારી મંત્રીશ્રીએ વિધેયકના ત્રીજા વાંચન માટેનો પ્રસ્તાવ રજૂ કર્યો જે મત ઉપર મૂકવામાં આવ્યો, તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો અને વિધેયક પસાર કરવામાં આવ્યું.

૮. **માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

**એમ.એલ.એ. ક્વાર્ટર અને વિધાનસભાની વેબસાઇટ અંગે**

વિધાનસભાના ચોથા માળે આવેલ શાસક પક્ષના ખંડમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવા એમ.એલ.એ. ક્વાર્ટર અને વિધાનસભાની વેબસાઇટ અંગે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ હોવાથી માનનીય ધારાસભ્યશ્રીઓને બપોરના ૨–૦૦ વાગ્યા પછી પહોંચી જવા અંગેની માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી.

**વિરામ બપોરના ૧–૩૨થી ૩–૧૫**

૯. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૩નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પ્રભારી સભ્યશ્રી ઇમરાન ખેડાવાલા સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોવાથી આ વિધેયક પર ચર્ચા હાથ ધરી શકાઇ નહીં.

(૨) સભ્યશ્રી મહેશ કસવાલાએ ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૬–સન ૨૦૨૩નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદેસર પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી દુર્લભજીભાઇ દેથરીયા (૨) શ્રી ત્રિકમ છાંગા

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્ય શ્રી પ્રવિણકુમાર માળીએ ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૨૩નું ગુજરાત દેવસ્થાન વિસ્તાર વિકાસ સત્તામંડળ વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી નીમીષાબેન સુથાર (૩) શ્રી ઉમેશભાઇ મકવાણા

(૨) શ્રી ભગાભાઇ બારડ

ત્યારબાદ ચર્ચાનો જવાબ યાત્રાધામ વિકાસ વિભાગનો હવાલો ધરવાતા માનનીય શિક્ષણમંત્રી ડો.કુબેરભાઇ ડીંડોરે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૪) સભ્યશ્રી હર્ષદભાઇ પટેલે ''સન ૨૦૨૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૨૩નું ગુજરાત જાહેર સ્થળોમાં નાગરિકો અને સફાઇ કામદારો દ્વારા કચરાને સળગાવવા પર પ્રતિબંધ બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રીમતી સંગીતાબેન પાટીલ (૨) શ્રી જયંતિભાઇ પટેલ

ત્યારબાદ ચર્ચાનો જવાબ રાજ્ય કક્ષાના માનનીય મંત્રીશ્રી મુકેશભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ, બુધવાર તા. ૨૯મી માર્ચ, ૨૦૨૩ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે**
**ફરી મળવા માટે સાંજના ૪–૫૮ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય, ડી.એમ.પટેલ
ગાંધીનગર. સચિવ,
તા. ૨૮મી માર્ચ, ૨૦૨૩ ગુજરાત વિધાનસભા.